જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૦૬/૨૦૧૯ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૯૮/૧૯**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૭ કેસ કરી, ૫૧ વ્યક્તિઓને ઝડપી, ૩૧૬ લીટર દેશી દારૂ, ૦૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૧ મોટર સાયકલ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૯૯/૧૯**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૧૧૦૦/૧૯**

**નારણપુરા** : જતીનભાઈ પુરષોતમભાઈ પટેલ (ઉ.વ.૩૯)(રહે.કેતન સોસાયટી, કેતન ચાર રસ્તા પાસે નારણપુરા) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૬/૧૯ રાતના ૧૧/૦૦ થી તા.૨૯/૬/૧૯ સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના બેડરૂમની બારીની ગ્રીલ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, કબાટમાંથી રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એચ.રાઠોડ ચલાવે છે.

**ધાડ :-** **સમાચાર યાદી નં.૧૧૦૧/૧૯**

**ચાંદખેડા** : સુરેશકુમાર અજમલભાઇ દેસાઇ(ઉ.વ.૨૭)(રહે.સેક્ટર-૨(બી), ગાંધીનગર) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૦૬/૨૦૧૯ રાતના ૦૮/૦૦ વાગ્યાના સુમારે ચાંદખેડા બગ્ગા હ્યુન્ડાઇના શો-રૂમની સામે આવેલ ઇન્ડીયન પેટ્રોલપંપ થી સર્વિસ રોડનો કટ છોડી ઝુંડાલ તરફ જતા મેઇન રોડ ઉપર એક વર્ના ગાડી તથા એક બ્રેઝા ગાડીમાં આવેલ સાતેક માણસો (જેમના નામ-ઠામની ખબર નથી તે) ભેગામળી સુરેશકુમાર ની આઇ-૨૦ ગાડીના આગળના કાચ ઉપર ધોકાથી ફટકા મારી, સુરેશભાઇને ગાડીમાંથી બહાર ખેંચી, તેમના ગળામાંથી સોનાની મગમાળા તથા આંગળીઓમાંથી સોનાની વીંટીઓ તથા પેન્ટના ખિસ્સામાંથી રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- ની લુંટ કરી નાસી ગયા છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.કે.ગમાર ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.